Vacation Social Work "Avasar 2020" : From UniqYOU School, Idar

Today's Tasks : Date: 05.05.2020 Tuesday મંગળવાર

| | Slot 1 : 10 to 11 pm | Slot 2 : 11 to 12 noon | Slot 3 : 4 to 5 pm | Slot 4 : 6 pm onwards |
|---|---|---|---|---|
| Day | Foundation (Individual) | Practical Life (Pair) | 21st Century Skills (Individual) | Man Making Education (Family) |
| Tuesday | Creative writing | Nature : Kheti / Gardening / Watching / Listening | Art | Great Personalities Day |

**તમારા કાર્ય/પ્રવૃતિની નોંધ અને સોશિયલ મીડિયા સાથે કેવી રીતે મૂકવી તેની ગાઇડલાઇંસ સૌથી છેલ્લે આપેલ છે. How to document your work/activity and guidelines for the Social Media is given at the end of this document.**

Slot 1: 10 to 11 am : Foundation Work : Creative Writing

Std. 1 to 4 :

નીચેનો સંવાદ પૂરો કરો :

મમ્મી: મને બે કિલો ........................ આપજો ને.
દુકાનદાર: હા બેન, કાપડ ની ........................ લાવ્યા છો ને ?
મમ્મી: અરે રે .. હું તો ......................... જ ગઈ.
દુકાનદાર: આમ ............ ચાલે.
હવે મારે .......................... થેલી આપવી પડશે.
ફરી ..................... ના કરતા.

**શબ્દો : ખાંડ, દૂધ, ડોલ, થેલી, યાદ, ભૂલી, જ, હા, માટીની, પ્લાસ્ટિકની, તેવુ, લેવું, આપું**

**Please complete the following dialogue:**

**Mummy: Please give me 2 kg of ……………….. .**
**Shopkeeper: Yes, mam, Have you brought cloth ……………… ?**
**Mummy: Oh, I ……………. It.**
**Shopkeeper: This is …….. Good.**
**Now, I have to give …………… bag.**
**Do not ………… it again.**

**Words : it, no, plastic, sugar, milk, bag, remember, forgot, clay, do, give, receive**

***Std 5 to 8 :***

**મિલનભાઇ : સાહેબ મને બે ................ દૂધ આપો ને.**
**દુકાનદાર : દૂધ તો આપું પણ તમે મોઢા પર .................. કેમ નથી પહેર્યું ?**
**મિલનભાઇ : અરે માફ કરો ભાઈ, હમણાં તો દૂધ આપો એટ્લે ઝટ ............. ભેગો થાઉં.**
**દુકાનદાર : બીજું કઈ આપું ?**

**આગળનો સંવાદ તમે પૂરો કરો. ઓછામાં ઓછી છ લીટી ઉમેરો.**

**Milanbhai: Please give me two……………….. Of milk.**
**Shopkeeper: I will give the milk. But why are you not wearing ………….. on your face.**
**Milanbhai: Forgive me for now. Give me milk so that I can reach …………… quickly.**
**Shopkeeper: Shall I give you anything else ?**

**Add minimum six sentences & complete the dialogue.**

**Std 9 to 10 :**

કેટલાક લોકો માસ્ક પહેર્યા વગર બહાર નીકળી પડે છે. તેમણે સમજાવવા એક કવિતા લખો.

Write a poem in any language for those people who go out without wearing the mask.

Slot 2: 11 to 12 noon : Practical Life (Team Work) : Nature : Star Gazing - Farming - Gardening - Watching - Listening

આકાશદર્શન-૧

મિત્રો આજથી આપણે આકાશદર્શન શરુ કરીશું. દરરોજ કોઇ એક તારા, ગ્રહ, નક્ષત્ર કે રાશિનો પરિચય ક્રમશઃ મેળવીશું. જો કે તે પહેલાં રાત્રિના આકાશ અંગે કેટલાક રસપ્રદ તથ્યો જાણી લઇએ...

૧. સામાન્ય આકાશદર્શન માટે બાયનોક્યુલર કે ટેલિસ્કોપની જરૂર નથી, ખોટો ખર્ચ કરવો નહી !

૨. ચંદ્રની હાજરીમાં આકાશદર્શનની મજા નથી ! માત્ર જૂજ તારાઓ જોઇ શકાય છે તેથી મહિનામાં ૧૦-૧૨ દિવસ આનંદથી વંચિત રહેવું પડે.

૩. સોમ, મંગળ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ નરી આંખે જોઇ શકાય, પણ રવિ (સૂર્ય) જોવો નહી ! બુધ મોટે ભાગે દિવસે ઉગતો હોવાથી જોઇ શકાતો નથી તો નેપચ્યુન અને યુરેનસ જોવા શકિતશાળી ટેલિસ્કોપ જોઇએ. પ્લુટોને તો આપણે કમી કર્યો છે !

૪. ગ્રહો રોજ સ્થાન બદલે છે જ્યારે તારાઓ સાપેક્ષમાં સ્થિર છે.

૫. અસંખ્ય હોવા છતાં આપણે ૭૦૦૦થી વધુ તારા નરી આંખે જોઇ શકતા નથી, વળી આપણે ઉત્તર ગોળાર્ધ (Northern hemisphere) રહેતાં હોઇ મહત્તમ ૩૦૦૦ તારા જ જોઇ શકીએ છીએ. કેટલાક તારા ઓસ્ટ્રેલિયા કે ન્યુઝીલેન્ડ જઇએ તો જ દેખાવાના છે, તે સિવાય નહી !

૬. આકાશ રોજ ૪ મિનિટ વહેલું ઉગે ! એટલે આજે જે તારો/ગ્રહ રાત્રે ૯ વાગે પૂર્વ ક્ષિતિજે દેખાયો હોય તે આવતી કાલે ૮.૫૬ વાગે જોઇ શકાય.

૭. આકાશ પણ સૂર્યની જેમ પૂર્વમાંથી ઉગે અને પશ્ચિમમાં આથમે. ઉત્તર અને દક્ષિણના તારાઓ મોટે ભાગે ક્ષિતિજની આસપાસ જ ફરતા જોવા મળે છે.

૮. આજે આપણે શુક્રને ઓળખીશું. તે માટે ધાબા પર કે ખુલ્લા મેદાનમાં (લાઇટ ન હોય તેવી જગ્યાએ) જવું. હાલ જ્યાં સૂર્યાસ્ત થયો છે તે દિશામાં ૩૦°-૪૦° ની ઉંચાઇ પર સૌથી તેજસ્વી દેખાય તે આપણો શુક્ર છે. (૯ વાગે તે પહેલા જોઇ લેવો!) તે કોઇ તારો નથી, ગ્રહ છે.

૯. શુક્ર કદની સરખામણીમાં લગભગ આપણી પૃથ્વી જેટલો જ છે. અલબત્ત ત્યાં વાતાવરણ નથી. કેમ નથી ? તે કેટલાક વિડીયો જોઇને સમજી શકાશે.

૧૦. શુક્રને અંગ્રેજીમાં Venus કહે છે, આ નામ સૌંદર્યની ગ્રીક દેવીના નામ પરથી પડ્યુ છે. તો પહેલાં તમે શુક્ર જોઇલો પછી કેટલાક મજેદાર વિડીયો જોઇએ.

આભાર,
હર્ષલ પુરોહિત.

Videos on Venus(શુક્ર) :
https://youtu.be/nr8T7HdU2zI
https://youtu.be/mFevZOTOCz4
https://youtu.be/BvXa1n9fjow
https://youtu.be/ccg6tzu62PE

**Slot 3: 4 to 5 pm (Individual work) : Art :**

***Std 1 to 5 - we request parents to help the kids.*** *વાલીઓને બાળકોને મદદ કરવા વિનંતી.*

***Std 6 to 10 - students will do their work independently.*** *આ વિદ્યાર્થીઓ કામ જાતે કરશે.*

***Make BEST from WASTE from Newspaper :***
***Have a look at the videos in the following links to see some examples. You can then come up with your own innovative creation.***

*ચાલો, આજે છાપાના વેસ્ટમાંથી બેસ્ટ બનાવીએ.*

*નીચેની વિડિયો લીંક્સમાંના ઉદાહરણો પહેલા જુઓ. પછી તમારા પોતાના નવા આઇડિયા ઉપર કામ કરી તમારું નવું કઈક સર્જન કરો.*

*https://www.youtube.com/watch?v=N9AIWqb5qdQ*

*https://www.youtube.com/watch?v=AX-wBHhRjYI*

*https://www.youtube.com/watch?v=w2cKgSfBoPQ*

*https://www.youtube.com/watch?v=mzmzk_q0LR4*

*https://www.youtube.com/watch?v=OIt4fUs0Kpk*

***Resource Links:*** ***વધારાની માહિતી માટે લિન્ક્સ : -***

**Slot 4: 6 pm onwards : Man Making Education (Family work) : Great Personality Day : Std 1 to 10**

***આજ ના મહાન વ્યક્તિત્વ : ઇન્દ્રા નૂયી***
***તમને આપવામાં આવેલ લિન્કમાં આપવામાં આવેલી માહિતી પરિવારમાં બધાને મોટેથી બોલીને સંભળાવો. બધાને શાંતિથી ધ્યાનપૂર્વક સાંભળવાનું કહો. નાના બાળકો માટે માતા-પિતામાંથી કોઈ મોટેથી બોલીને સંભળાવી શકે.***

***https://drive.google.com/file/d/1c6iX6urJa5OSA0E5JC6Rv3lTlcrjoxSC/view?usp=sharing***

***નીચેના મુદ્દાઓના માધ્યમથી પરિવારમાં ચર્ચા કરીયે.***
***દરેક પરિવારજનોએ ને પુછો કે ...***
***1. એમને કઈ-કઈ નવી વાતો જાણવા મળી.***
***2. તમારી દ્રષ્ટિ એ એમના જીવનની 3 કઈ બાબતો છે જે આપણાં જીવનમા ઉતારવી જોઇયે.***
***3. અન્ય જે પણ તમને યોગ્ય લાગે તે પૂછી શકાય.***

***જો તમને વધુ રસ પડ્યો હોય તો રિસોર્સ લીંકમાં આપેલા વિડિયો જોઈ શકો.***

***Today's Great Personality : Indra K Nooyi***
***Please speak loudly about the information given to you through the link. Ask everyone to listen carefully. For smaller kids, parents can read it loudly.***

***https://drive.google.com/file/d/1lhJ09cRJdxNZfOMFNp3CevcH_yQEznqc/view?usp=sharing***

***Let us discuss in family about the personality by following points:***
***Ask everyone of your family members:***
1. ***What new things that you learned today about this personality.***
2. ***Which three things about this personality that we can apply in our lives.***
3. ***Any other points that come to your mind.***

***If you are further interested, you may see the video of resource links.***

***Resource Links: વધારાની માહિતી માટે લિન્ક્સ :***
***https://www.youtube.com/watch?v=Bi4H8QAhjrE***
***https://www.youtube.com/watch?v=Xy7_J9qQvJw&t=254s***
***https://www.youtube.com/watch?v=kAy1mdREauM***

***Resource Links: વધારાની માહિતી માટે લિન્ક્સ : -***

***તમારી બધી પ્રવૃતિ અને કામની નોંધ નીચે પ્રમાણે રાખશો:***

- અવસર 2020 ની નોટબૂકમાં આજની તારીખ સાથે જવાબ / અનુભવ લખશો. અથવા તો અવસર 2020 ની સ્ક્રેપબૂકમાં લગાવશો.
- તમે બનાવેલા નમૂના મોટા હોય તો તેને કોઈ બોક્ષ અથવા કોથળીમાં સાચવીને મૂકી રાખશો. જે ને તમે અવસર 2020 ના પ્રદર્શન(showcase) માં સ્કૂલમાં રજૂ કરશો.
  સૌશિયલ મીડિયા
- તમે બનાવેલ વસ્તુ નો ફોટો અને / કે વિડિયો #avasar2020 #uniqyou #school #idar #vacationwork #socialwork હેશટેગ આપી WhatsApp / Facebook / Instagram / YouTube / Twitter પર અપલોડ કરો.
- અને તમને જણાવેલા WhatsApp નંબર 9428063953 અથવા 7990919929 ઉપર જે તે દિવસે રાત્રે ૯ વાગ્યા સુધીમાં અચૂક મોકલો. અથવા તમે આ લિન્ક ને ક્લિક કરીને WhatsApp ગ્રુપના ભાગ બની તેમાં તમારા ફોટા અને વિડિયો મોકલો. અવસર 2020 ના દૈનિક રેપોર્ટિંગ માટેના વ્હોટ્સએપ ગ્રુપમાં જોડાવા આ લીંકને અનુસરો : https://chat.whatsapp.com/D0wdZtkPcuQ6qoH40tDBto

***You need to document your work and activities as below:***

- Write your answers and experiences in the Avasar 2020 notebook or paste your creations in your scrapbook.
- If your creations are bigger, keep it safely in a box or polybag. That you will display in the Avasar 2020 Showcase in the school.
  Social Media
- Photographs or videos of your work or creation in action should be taken. Please upload it on WhatsApp / Facebook / Instagram / YouTube / Twitter with the hashtag of #your name #avasar2020 #uniqyou #school #idar #vacationwork #socialwork.
- Please send the link or photos and videos by 9 pm today on Mobile number 9428063953 or 7990919929 with your full name, standard and medium. Follow this link to join WhatsApp group for daily reporting of Avsar 2020: https://chat.whatsapp.com/D0wdZtkPcuQ6qoH40tDBto

**All The Best 😊**